# પ્રિન્સ અશોકરાજે ગાયકવાડ સ્કૂલ પરિસરમાં ઇકો ફ્રેન્ડલી રંગોત્સવ ઉજવાયો



પ્રિન્સ અશોકરાજે ગાયકવાડ સ્કૂલમાં સોમવારના રોજ ઇકો ફ્રેન્ડલી રંગોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના પ્રાંગણમાં 400 જેટલા વિદ્યાર્થીઓ અને 100 શિક્ષકો દ્વારા હોળી ઉત્સવની ઉજવણી કરવામાં આવી હતી. 40 જેટલા આયુર્વેદિક સામગ્રીનો ઉપયોગ કરી હોળિકા દહન પણ કરવામાં આવ્યું હતું.

### હાલમાં પ્રાઇમરી ધોરણે આડાસ મુકી રસ્તો બંધ કરાવાયો

# ન્યુ વીઆઈપી રોડ પર મિડિયન કટ ડિવાઈડર ફરી તોડી પડાયું

(પ્રતિનિધિ) વડોદરા તા.2

વધતા અકસ્માતોને ધ્યાનમાં રાખીને પોલીસ અને પાલિકાએ સંયુક્ત રીતે આ રોડ પર બનાવાયેલા વધારાના મિડિયન કટ બંધ કરી દેવાયાં હતા. ત્યારે ન્યુ વીઆઈપી રોડ પર બંધ કરાયેલા કટનું ડિવાઈડર તોડી પાડી ફરી રસ્તો કર્યો હતો. ત્યારે તે હાલમાં આડાસ મુકી પ્રાથમિક ધોરણે રસ્તો બંધ કર્યો હોય તેમના અવર જવર તો લોકો કરી રહ્યા છે ત્યારે અકસ્માત થયા બાદ કાયમી ધોરણ બંધ કરાશે તેવી ચર્ચાએ જોર પકડ્યું છે. વારંવાર ડિવાઈડર તોડનાર સામે કેમ કાર્યવાહીક કરાતી નથી ? વડોદરા શહેરના અલગ અલગ વિસ્તારમાં રોડની વચ્ચે કટ બનાવીને અવર જવર કરવા માટે રસ્તો બનાવી દેવામાં આવ્યો હતો. જેના કારણે રસ્તા વચ્ચેથી ટર્ન લઈ લેવામાં આવતા હોવાના કારણે અકસ્માતના બનાવો વધ્યાં હતા. જેથી પોલીસ કમિશનર દ્વારા એક ટીમ બનાવીને શહેરમાં કેટલાક મિડિયન કટ છે તેની ચકાસણી કરાવી હતી. ત્યારબાદ ઘણી બધી જગ્યા પર હોસ્પિટલ, હોટલ, સ્કુલ કે પછી સોસાયટી હોય ત્યાં ગેરકાયદેરીતે કટ બનાવી દેવામાં આવ્યાં હોવાનુ માલુમ પડ્યું હતું. જેથી પોલીસ કમિશનરે



મ્યુનિસિપલ કમિશનરને આ મિડિયન કટ બંધ કરી દેવા પત્ર લખ્યો હતો. જે વધારાના કટ પાડેલા હતા તે પાલિકા દ્વારા ખર્ચો કરીને પુરી દેવામાં આવ્યાં હતા. પરંતુ ન્યુ વીઆઈપી રોડ પર સાધુ વાસવાણી સ્કૂલ પાસેના મિડિયન કટને તોડી નાખવામાં આવતા ફરી પાલિકાએ ડિવાઈડર બનાવ્યું હતુ. ત્યારે આ બંધ કરાયેલા કટ ડિવાઈડર તોડી ફરી કટ ખુલ્લો કરી દેવાયો હતો. જેથી હાલમા આડાસ કરીને પ્રાથમિક ધોરણે બંધ કરાયો છે.

### પહેરેલા કપડે ઘરમાંથી કાઢી મુકી

# રૂપિયા 50 લાખની માગણી કરી સાસરીયાનો પરીણીતા પર ત્રાસ

(પ્રતિનિધિ) વડોદરા તા.2

ન્યુ સમા રોડ પર રહેતી પરીણીતાને તારે પતિ સાથે રહેવુ હોય તો દહેજના રૂપિયા પચાસ લાખ આપ તેમ કહી શારીરિક માનસિક ત્રાસ આપતા હતા. આટલી મોટી રકમ હોય પરીણીતાએ ના પાડતા તેણીને પેહેરેલા કપડે ઘરમાંથી કાઢી મુકી હતી.

ન્યુ સમા રોડ પર આવેલી અંકુર રેસિકમ પ્લાઝામાં રહેતા સોનીબેન ચૌહાણે પોલીસ ફરિયાદ નોધાવી છે કે મારા લગ્ન ઉત્તરપ્રદેશ ખાતે રહેતા વિક્રાંત સત્યપાલસિંગ ચૌહાણ સાથે વર્ષ 2017માં થયા બાદ હતા. લગ્ન મે મારી સાસરીમાં પતિ અને સાસરીયા સાથે રહેવા માટે ગઇ હતી. લગ્નના પાંચ મહિના બાદ પતિ સાસરીયાનુ પોત પ્રકાશ્યું હતુ અને નાની નાની વાતોમાં મારી સાથે ઝઘડા કરવાનુ શરૂ કર્યું હતું. મને વારંવાર મ્હેણા ટોણા મારી શારીરિક માનસિક ત્રાસ આપતાં હતા ઉપરાત મારી નણંદ મારા ભાઇને છુટાછેડા આપી, તને કોઇ વસ્તુ મળશે નહી તારી વિક્રાંત સાથે રહેવુ હોય તો રૂપિયા પચાસ લાખ નહી તો વડોદરા મુકામે રહેજે તેમ કહે મારી સાથે દહેજની માગણી કરી હતી. ઉપરાંત મારી કાર પણ જાણ બહાર જૂની વેચી નાખી હતી અને તેના રૂપિયા પણ ભુલી જવાના મળશે તેમ કહી પરીણીતાના પતિ સહિતના સાસરીયાઓએ મને પહેરેલા કપડે ઘરમાંથી કાઢી મુકી હતી. પતિ અને તેમના સાસરીયા દ્વારા ગુજારવામાં આવતા અતિ શારીરિક અને માનસિક ત્રાસના કારણે મે કંટાળી પોલીસ સ્ટેશનના દ્વાર ખખડાવ્યાં છે. જેથી પોલીસે પતિ વિક્રાંત ચૌહાણ, સાસુ શંકુતલાદેવી, સસરા સત્યપાલસિંગ, અભિષેક ચૌહાણ જેઠ, શ્રુતિ જેઠાણી સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

### બુટલેગરનો કીમિયો ના-કામિયાબ

# ટેમ્પાના ચોરખાનામાં સંતાડેલો રૂ.4 લાખનો દારૂ ઝડપાયો

(પ્રતિનિધિ) વડોદરા તા.2

હોળી-ધુળેટીના તહેવાર દરમિયાન દારૂની રેલમછેલ કરવા માટે બુટલેગરો દ્વારા મોટી માત્રામાં દારૂનો જથ્થો મંગાવવામાં આવ્યો હતો. કરજણ પોલીસે એક્સપ્રેસ હાઈવે પરથી ટેમ્પામાં ચોરખાનું બનાવી સંતાડીને લઈ જવાતો બિયરનો રૂપિયા 3.74 લાખનો જથ્થો ઝડપી પાડ્યો હતો. બે આરોપીની ધરપકડ કરી રૂપિયા 6. 25 લાખનો મુદ્દા માલ કબજે કરાયો છે.

ભરૂચ તરફથી ટેમ્પામાં દારૂ ભરીને વડોદરા તરફ લઈ જવાઈ રહ્યો હતો. એક્સપ્રેસ હાઈવે પર સાંપાથી બોડકા તરફ જતા ઓવરબ્રિજ નીચે પોલીસે ટેમ્પાને અટકાવ્યો હતો. ટેમ્પામાં ચાલક અને ક્લીનર હાજર હતા. પ્રાથમિક તપાસ દરમિયાન ટેમ્પામાં કંઈ મળ્યું નહોતું. પરંતુ ટેમ્પાના પાછળના ડાલાના ભાગે તળિયે ચોરખાનું બનાવેલું હોવાનું જણાયું હતું. પોલીસે ચોરખાનું ખોલી તપાસ કરતાં અંદરથી રૂ. 3.74 લાખની કિંમતનો વિદેશી બિયરનો જથ્થો મળી આવ્યો હતો. હોળી-ધુળેટીના તહેવારને ધ્યાનમાં રાખીને વડોદરા જિલ્લા ગ્રામ્ય પોલીસ અધિક્ષક સુશિલ અગ્રવાલ દ્વારા 'ઓપરેશન પરાક્રમ' અંતર્ગત વિદેશી દારૂની હેરાફેરી રોકવા અને બુટલેગરોના મનસૂબા નિષ્ફળ બનાવવા સૂચનાઓ આપવામાં આવી હતી. તેના આધારે કરજણ પોલીસ સતત વોચ રાખી રહી હતી. આ કેસમાં પોલીસે રૂ. 3.74 લાખનો દારૂ, રૂ. 2.50 લાખનો ટેમ્પો અને મોબાઈલ મળી કુલ રૂ. 6.25 લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસે ટેમ્પો ચાલક ગબ્બર બાબુલાલ બનજારા (રહે. ખંડવા ગામ, નગીનનગર થાણા, બડવાઈ, જી. બુરહાનપુર, મધ્યપ્રદેશ) તથા મહેન્દ્ર શ્યામઅવધ યાદવ (રહે. ગોલ્ડન ચોકડી પાસે ધીરુભાઈની ચાલીમાં, વડોદરા શહેર; મૂળ રહે. દુર્જનપુર ગામ, થાણા નિઝામાબાદ, જી. આજમગઢ, ઉત્તર પ્રદેશ)ની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### પોલીસને જોઇને જુગારીયાઓમાં દોડધામ, ત્રણ જુગારી ફરાર

# છાણી અને સમા ગામમાં ચાલતા જુગાર પર પોલીસની રેડ, 9 ઝબ્બે

(પ્રતિનિધિ) વડોદરા તા.2

શહેરના છાણી અને સમા ગામ વિસ્તારમાં ચાલતા જુગાર પર પોલીસે રેડ કરીને 9 ખેલીને ઝડપી પાડ્યાં હતા. પોલીસ દ્વારા સ્થળ પરથી રોકડા રૂપિયા અને સાત વાહનો સહિત મળી રૂ. 2.83 લાખનો મુદ્દામાલ કબજે કરાયો છે. વડોદરા શહેરનાં છાણી વિસ્તારમાં ગામે પાસેથી પોલીસ કર્મચારીઓ પેટ્રોલિંગમાં ફરી રહ્યાં હતા. તે દરમિયાન બાતમી મળી હતી કે છાણી ગામની પાછળ નવી બનતી લીલેરીયા સાઇડની સામે ખુલ્લા ગ્રાઉન્ડમાં બાવળાના ઝાડ નીચે કેટલાક ભેગા થયા છે અને જુગાર રમી રહ્યા છે. જેના આધારે પોલીસે બાતમી મુજબના સ્થળ પર રેડ કરી હતી. પોલીસના રેડના પગલે જુગારીઓમાં દોડધામ મચી ગઈ હતી. જેમા સ્થળ પરથી 5 જેટલા ખેલી ભરત અંબાલાલ રાણા નિલેશ રાજુ રાણા, દિપક રણછોડ વાઘેલા બ્રીજરાજ સેવારામ કહેરીયા તથા પરેશ રમેશ રાણા ઝડપાઈ ગયા હતા. જ્યારે ચિરાગ ઉર્ફે ખંભાતી જગદીશ રાણા, વિક્કી શર્મા તથા કેવલ પુનમ રાણા ભાગી ગયા હતા. પોલીસ ત્રણ જુગારીને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા હતા.

પોલીસ દ્વારા જુગારીઓ ની અંગઝડતી કરતા રોકડા 19 હજાર તેમજ જમીન દાવના રોકડા 8 હજાર તથા મોબાઈલ 4 રૂ.20 હજાર તથા સ્થળ પરથી મળી આવેલ સાત વાહનો જેની કિ 2.05 લાખ મળી રૂપિયા 2.53 લાખનો મુદ્દામાલ કબ્જે કરાયો છે. જ્યારે બીજા બનાવમાં સમા ગામ ઊંડા ફળિયામાં રહેતો મકાન માલીક હસમુખ ઉર્ફે બોડો શના પરમાર અન્ય લોકોને બોલાવીને જુગાર રમાડી રહ્યો હોવાના બાતમી પોલીસને મળી હતી. જેના આધારે પોલીસે ગામમાં રેડ કરી ચાર ખેલી હસમુખ પરમાર, હરીશ ભોગીલાલ ટેલર, સોહીલ અનવર રાવલ અને પ્રકાશ અશોક શાહ ઝડપાઈ ગયા હતા. પોલીસે સ્થળ પરથી રોકડા રૂ.10 હજાર 3 મોબાઈલ રૂ.20 હજાર મળી કુલ્લે 30 હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

ઉલ્લેખનિય છે કે, પોલીસની રેડના પગલે વિસ્તારમાં નાસભાગના દ્રશ્યો સર્જાયા હતાં. જુગારીઓમાં ફરાર થઇ ગયેલા ત્રણ વ્યક્તિઓને ભગાડી દેવાયા કે ભાગી ગયા છે? તે બાબતે પણ વિસ્તારમાં અનેક ચર્ચાઓ જાગી છે.

### CA ફાઈનલ પરીક્ષા : સમગ્ર ભારતમાં વડોદરાનો ડંકો વાગ્યો



# દેશના ટોપ 50માં વડોદરાના પાંચ વિદ્યાર્થીએ સ્થાન મેળવ્યું

## નવા 60 થી વધુ CA મળ્યા : પ્રથમવાર ઝળહળતું અદ્દભૂત પરિણામ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.2

ઈન્સ્ટિટયૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ઓફ ઈન્ડિયા દ્વારા જાન્યુઆરી મહિનામાં લેવાયેલી સીએ ફાઈનલ પરીક્ષાનું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. જેમાં સમગ્ર ભારતમાં વડોદરાના વિદ્યાર્થીઓએ મેદાન માર્યું છે. દેશના 50 માં વડોદરાની વિદ્યાર્થિની સહિત પાંચ વિદ્યાર્થીએ સ્થાન મેળવ્યું હતું. જ્યારે આ વખતે વડોદરાને નવા 60 થી વધુ સીએ મળ્યા છે. જાન્યુઆરી મહિનામાં ઈન્સ્ટિટયૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ઓફ ઈન્ડિયા દ્વારા લેવાયેલી સીએ ફાઈનલ ની પરીક્ષામાં વડોદરા બ્રાન્ચને ઈતિહાસમાં સર્વ પ્રથમ વખત મોટી સફળતા મળી હતી આ વખતે વડોદરામાંથી એક વિદ્યાર્થીની સહિત પાંચ વિદ્યાર્થીઓએ સમગ્ર ભારતમાંથી ટોપ 50 માં સ્થાન મેળવ્યું છે. બરોડા બ્રાન્ચના ચેરમેન પ્રશાંત કોટેચાએ જણાવ્યું હતું કે, સીએની પરીક્ષા જે જાન્યુઆરીમાં લેવાય હતી. જેમાંથી સીએ ફાઈનલનું પરિણામ આજે આવ્યું છે. જેમાં આખા ઈન્ડિયામાં જે વિદ્યાર્થીએ બંને ગ્રુપ એટેમ્પ કર્યા હતા. જેનું 11 ટકા જેવું પરિણામ આવ્યું છે.

પ્રથમ ગ્રુપમાં 21 ટકા અને બીજા ગ્રુપનું 9 ટકા જેટલું રીઝલ્ટ આવ્યું છે કુલ મળીને 7500 જેટલા સીએ આખા ઈન્ડિયામાં થયા છે. એની સામે તુલના કરીએ તો વડોદરામાં 190 વિદ્યાર્થી બંને ગ્રુપમાં એપીઅર થયા હતા. જેમાંથી 30 વિદ્યાર્થી પાસ થયા છે. જે 16 ટકા જેટલું રીઝલ્ટ બરોડાનું છે. જે ખૂબ જ સારું છે આખા ભારત કરતાં પણ સારું પરિણામ આપણા વડોદરાનું છે. ઈતિહાસમાં પ્રથમ વખત ઓલ ઈન્ડિયા રેંકમાં વડોદરામાંથી 5 વિદ્યાર્થીઓ એપિયર થયા છે. આખા ઈન્ડિયામાં કુલ 50 રેન્ક હોય છે. જેમાં 5 વડોદરાના છે, જે ખૂબ ગર્વની વાત છે.

આની અંદર ઘણા બધા સીએના એક એક ગ્રુપ બાકી હોય એવું બધું ગણીએ તો 30 સીએ પ્રથમ એટેમ્પ્ટ જે લોકોએ બંને ગ્રુપ પાસ કર્યા છે, એવા કુલ મળીને 60 થી 70 ચાર્ટડ એકાઉન્ટ વડોદરામાંથી થયા છે. હાલ, બધાનું નામ અને લીસ્ટ આવશે, ત્યારે ખબર પડશે. પરિણામ જોઈએ તો ખુબજ સારું પરિણામ આ વખતે વડોદરા બ્રાન્ચનું છે.

### માતા-પિતા અને ખાસ મોટી બહેનના કારણે સીએ બની શક્યો



**તિર્થ ઠક્કર,** એર-29

સીએ બનવાનું સ્વપ્ન મારું પૂર્ણ થયું છે અને આજે સીએ થઇ ગયા પછી ખૂબ જ સારું લાગી રહ્યું છે. મારી આ સફળતા પાછળનો શ્રેય હું મારા માતા પિતા અને ખાસ મારી બહેનને આપું છું. સવારે 6:30 થી લઈને સાંજના 8:30 સુધી એટલે 14 કલાક જેટલો અભ્યાસ માટે આપતો હતો પણ 11 થી 12 કલાક સુધીનો મારો અભ્યાસ રહેતો હતો.

### લગ્નના સાત દિવસ પહેલાં CA બની દીકરી



**રીયા શાહ, ,** સીએ

રીયા નીતિનભાઇ શાહ પરિવારની એક માત્ર દીકરી છે. પિતા એલઆઈસી એજન્ટ છે અને માતા હાઉસ વાઈફ છે. પિતાનું સ્વપ્ન હતું કે રીયાને ઘરમાંથી સીએ બનાવ્યા બાદ વિદાય આપીશ. જે સ્વપ્ન રિયાએ સાકાર કરી બતાવ્યું છે.

### ફૂટ લારી ચલાવનારની દીકરી સીએ બની



**વંદના આહુજા,** CA

20 ટ્રાયલ આપ્યા હતા. 10 વર્ષ લાગ્યા મને સીએફ ફાઇનલ ક્લિયર કરતા સાઈડમાં જોબ પ્રેક્ટિસ બધું ચાલુ હતું. તો થોડું મેનેજ કરવું અઘરું પડતું હતું. એટલે જ કદાચ થોડું મોડું થયું છે, પણ આશીર્વાદ મળ્યા છે. આ સફળતા પાછળ તમામ શ્રેય હું મારા પેરેન્ટ્સ ને આપવા માગું છું. કેમકે એમણે સતત સપોર્ટ કર્યો છે મને, કોઈ દિવસ એવું નથી કીધું કે, છોડી દો નહીં થાય એ ના શબ્દ જ નથી એમનામાં.

### પિતા નથી, પરિવારના સપોર્ટથી સફળતા મળી



**જિલ્સ પટેલ,** ઓલ ઈન્ડીયા રેન્ક- 30

સીએ ફાઇનલની જર્ની નો આ ટફ એટેમ્પ કહેવાય જેને મેં પાસ કર્યો છે. ખૂબ સારું લાગે છે. છેલ્લા પાંચ મહિનાથી હું 12 થી 14 કલાક જેટલું વાંચતો હતો. સવારે વહેલો ઊઠીને અને રાત્રે મોડે સુધી વાંચન કરતો હતો. અને રાઇટીંગ પ્રેક્ટિસ ખૂબ વધારે કરી હતી. સોશિયલ મીડિયા નો ઉપયોગ મેં ઘણો ઓછો કરી દીધો હતો.

### સુથારના દીકરાએ ઓલ ઈન્ડિયામાં રેન્ક મેળવી



**નિલેશ સુથાર ,** ઓલ ઈન્ડિયા રેન્ક 39

મારા પિતા કારપેન્ટર ને માતા હાઉસ વાઈફ છે. ફેમેલીમાં આટલું કોઈ ભણેલું નથી. કોલેજ પણ કોઈ ગયું નથી. હું પરિવારમાં એક માત્ર એવો પ્રથમ છું કે આટલો અભ્યાસ કર્યો જેનાથી મારું આખું પરિવાર ખૂબ ખુશ છે. મારી સફળતા પાછળ મારા મમ્મી અને પપ્પા છે, જેમણે મને ભણાવા માટે કે એમણે પોતાની ખુશીઓ સાઈડ પર રાખી અમારી પાછળ સમય આપ્યો.

### કોઈ સારી કંપનીમાં જોબ કરવાનું સ્વપ્ન



**વ્રજલ સોની ,** ઓલ ઈન્ડિયા રેન્ક 47

સીટી રેન્ક મારો 4 છે અને ઓલ ઈન્ડિયા મારો 47 મો રેન્ક છે. મારી સફળતા પાછળ મારો પરિવાર છે. દરરોજ મારો અભ્યાસ 8 થી 9 કલાકનો હતો. મારા માતા પિતા બહેન દાદા, મારા મિત્રો છે. બધા મારા માટે સપોર્ટિવ હતા.

### તમામ તહેવારો પણ ઉજવી સફળતા મેળવી



**કશીશ ખરાદી, ,** ઓલ ઈન્ડિયા રેન્ક 49

ખૂબ ખુશ છું કે, હું ઓલ ઈન્ડિયામાં રેન્ક લાવી શકી અને મારા પેરેન્ટ્સ અને ફેમેલીને પ્રાઉડ ફિલ કરાવી શકી. દરરોજ મારું વાંચન 8 થી 10 કલાકનું રહેતું હતુંમેં મારી ફેમેલી સાથે પણ પૂરતો સમય પસાર કર્યો અને તમામ ફેસ્ટિવલ પણ સેલિબ્રેટ કર્યા છે.

### પાણીગેટ કાટિયાર્કનગર ખાતેથી ઝડપી પાડ્યો

# વૃદ્ધના હાથમાંથી મોબાઈલ ઝુંટવનાર રિક્ષા ચાલક ઝડપાયો

(પ્રતિનિધિ) વડોદરા તા.2

ગોત્રી વાસણા રોડ પર રહેતા વૃદ્ધના હાથમાંથી મોબાઈલ ફોન ઝુંટવી ભાગી જનાર રિક્ષા ચાલકને ક્રાઈમ બ્રાન્ચની ટીમે કોટીર્યાકનગરમાંથી ઝડપી પાડ્યો હતો. રિક્ષા અને મોબાઈલ કબજે કર્યાં બાદ આરોપીને ગોત્રી પોલીસને સોંપાયો છે. વડોદરા શહેરના ગોત્રી વાસણા રોડ પર રહેતા સિનિયર સિટિઝીન રિક્ષામાં બેસી ફોન પર વાત કરી રહ્યાં હતા. દરમિયાન તેમનું સ્ટેન્ડ આવી જતા ઉતર્યાં હતા. ત્યારે સિનિયર સિટીઝનના હાથમાથી રિક્ષા ચાલક મોબાઈલ ઝુંટવીને ફરાર થઈ ગયો હતો. જેથી ફરિયાદ સિનિયર સિટીઝને ગોત્રી પોલીસ સ્ટેશનમાં નોંધાવી હતી.

દરમિયાન ક્રાઈમ બ્રાન્ચની ટીમ મોબાઈલ ઝુંટવી લેનાર ગઠિયાની ટેકનીકલ અને હ્યુમન સોર્સના આધારે શોધખોળ પેટ્રોલીંગ કરી રહી હતી. તે દરમ્યાન પાણીગેટ શાસ્ત્રીબાગ



કોટીયાર્કનગર સામે રોડ ઉપર ટીમને શંકાસ્પદ રિક્ષા પસાર થતી જણાઈ આવી હતી. જેથી ક્રાઈમ બ્રાન્ચની ટીમે આ રીક્ષાને ઉભી રખાવી તેમાં તપાસ કરતા ચાલક અરબાઝખાન ઉર્ફે બડક્કલ રસીદખાન પઠાણ (રહે. બોરસદ જી.આણંદ)ની ઝડતી કરતાં તેના પેન્ટના ખીસ્સામાંથી એક મોબાઈલ મળી આવ્યો હતો. તેની કડકાઈથી પુછપરછ કરતા સિનિયર સિટીઝનના હાથમાં મોબાઈલ ઝુંટવી લીધો હોવાની કબૂલાત કરી હતી.

### ફ્લાઈટ્સ શરૂ થાય ત્યાં સુધી 'વેઈટ એન્ડ વોચ'ની સ્થિતિ

# ઈસ્તાંબુલ એરપોર્ટ પર ભારતીયોની વતન વાપસી અટકી, જિ. પં.સભ્ય હાલ સુરક્ષિત

(પ્રતિનિધિ) વડોદરા તા.2

મધ્યપૂર્વમાં વધી રહેલા રાજકીય તણાવ અને અમેરિકા-ઈરાન વચ્ચેના સંઘર્ષની સીધી અસર હવે આંતરરાષ્ટ્રીય હવાઈ પરિવહન પર જોવા મળી રહી છે.



અલી ખેમાનીયાના નિધન બાદ સમગ્ર મધ્યપૂર્વ વિસ્તારમાં સ્થિતિ અત્યંત ગંભીર બની છે, જેના પરિણામે યુરોપ અને મધ્યપૂર્વ વચ્ચેની અનેક આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ સુરક્ષાના કારણોસર રદ કરી દેવામાં આવી છે. આ સ્થિતિમાં વિદેશ પ્રવાસે ગયેલા સેંકડો ભારતીય મુસાફરો અધવચ્ચે અટવાયા છે. આ પ્રવાસીઓમાં પિલોલ જિલ્લા પંચાયતના સભ્ય કમલેશ પટેલ પણ સામેલ છે. મળતી પ્રાથમિક માહિતી અનુસાર, કમલેશ પટેલ હાલ સુરક્ષિત છે પરંતુ ફ્લાઈટ સેવાઓ ખોરવાવાને કારણે તેઓને ઈસ્તાંબુલ ખાતે જ રોકાવવાની ફરજ પડી છે. જ્યાં સુધી એરલાઈન્સ દ્વારા ગ્રીન સિગ્નલ આપવામાં ન આવે અને હવાઈ માર્ગ સુરક્ષિત જાહેર ન થાય, ત્યાં સુધી તેઓએ તુર્કીમાં જ રહેવું પડશે. કમલેશ પટેલ વિદેશમાં ફસાયા હોવાના સમાચાર મળતા જ તેમના વતન પિલોલ અને સ્થાનિક રાજકીય વર્તુળોમાં ભારે ચિંતા જોવા મળી રહી છે. તેમના પરિવારજનો સતત તેમના સંપર્કમાં છે અને સરકાર પાસે ભારતીય મુસાફરોની વહેલી તકે વતન વાપસી માટે વ્યવસ્થા કરવાની માંગ કરી રહ્યા છે. હાલમાં ભારત સરકાર અને વિદેશ મંત્રાલય આ પરિસ્થિતિ પર ઝીણવટભરી નજર રાખી રહ્યા છે.

### વડોદરાના પ્રવાસીઓ મિડલ ઈસ્ટમાં અટવાયા

ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે ફાટી નીકળેલા યુદ્ધની ગંભીર અસરો હવે વડોદરા શહેર અને જિલ્લામાં પણ વર્તાઈ રહી છે. વડોદરાથી દુબઈ, શારજાહ અને અબુધાબી ગયેલા સેંકડો ગુજરાતી પ્રવાસીઓ ત્યાંની અસ્થિર સ્થિતિને કારણે અટવાયા છે. સુરક્ષાના કારણોસર વડોદરાના અનેક પરિવારોએ પોતાના અગાઉથી નક્કી કરેલા વિદેશ પ્રવાસ અને બિઝનેસ ટ્રિપ્સ મોકૂફ રાખવાની ફરજ પડી છે. અંદાજે 1500થી વધુ ગુજરાતીઓએ પ્રવાસ ટાળ્યો છે, જેમાં વડોદરા જિલ્લાના લોકોની સંખ્યા મોટી છે.

### સંકટ સમયે વડોદરાના સાંસદનો હુંફાળો સાથ

ઈરાન અને UAE વચ્ચેના તણાવને પગલે દુબઈ એરપોર્ટ બંધ થતા વડોદરાના અનેક પ્રવાસીઓ મુશ્કેલીમાં મુકાયા છે. 28મી ફેબ્રુઆરીથી ફ્લાઈટ્સ રદ થતા વતનની વાટ જોતા નાગરિકો માટે વડોદરાના સાંસદએ મદદનો હાથ લંબાવ્યો છે.સાંસદ દ્વારા જાહેર કરાયેલા વોટ્સએપ નંબર પર મુસાફરોએ પોતાની વિગતો મોકલી આપી છે. જોકે, હજુ સત્તાવાર પ્રત્યુત્તરની રાહ જોવાઈ રહી છે, પરંતુ સંકટના સમયે જનપ્રતિનિધિએ દાખવેલી આ તત્પરતા અને ચિંતાએ પરદેશમાં ફસાયેલા વડોદરાના પરિવારોમાં એક નવી આશા જગાવી છે.

### હોળી-ધુળેટીને લઇને MGVCLના એમડીને રજૂઆત

# ડીસકનેક્શનની કામગીરી પાંચ દિવસ બંધ રાખવા માગ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.2

હોળી ધુળેટીના તહેવારોને ખાસ ધ્યાનમાં રાખીને ડીસ કનેક્શનની કામગીરી પાંચ દિવસ સુધી બંધ રાખવાની માંગણી સાથે ગુજરાત વિદ્યુત ટેકનિકલ કર્મચારી મંડળના સેક્રેટરી જનરલ દ્વારા એમજીવીસીએલના એમડીને રજૂઆત કરવામાં આવી છે. ગુજરાત વિદ્યુત ટેકનિકલ કર્મચારી મંડળના સેક્રેટરી જનરલ રાજુભાઈ ખત્રી દ્વારા વધુ એક વખત કર્મચારીઓના હિત માટે મધ્ય ગુજરાત વીજ કંપનીના જનરલ મેનેજરને રજૂઆત કરવામાં આવી છે. તેમના જણાવ્યા મુજબ મધ્ય ગુજરાત વીજ કંપનીના નેજા હેઠળ આવતા વિવિધ સબ ડિવિઝન અને જિલ્લાઓમાં હોળી ધુળેટીના પર્વની ઉજવણી મેળાઓ તરીકે સતત પાંચ દિવસ ઉજવવામાં આવે છે. જેના અનુસંધાને હાલ પાંચ દિવસ સુધી



ટેકનિકલ સ્ટાફને ડીસ કનેક્શનની કામગીરી સોંપવામાં ન આવે.

તદ્દુપરાંત અમુક જિલ્લામાં જે ટ્રાઈબલ વિસ્તાર હોય જ્યાં જુઓ ત્યાં લોકટોળા અને મેળાવડા રૂપે પબ્લિક ભેગી થતી હોય છે. ત્યારે, જીવ અને સલામતી જોખમાતી હોય જ્યાં ઘર્ષણનો ભોગ બનવાની પૂરેપૂરી શક્યતાઓ રહેલી છે. જેથી આવા સંવેદનશીલ દિવસોમાં લાઈન સ્ટાફને ડીસ કનેક્શનની કામગીરી પાંચ દિવસ સુધી નહીં સોંપવા રજૂઆત કરવામાં આવી છે.